નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાના આચાર્ય (વર્ગ-૨) સંવર્ગની કેડર સ્ટ્રેન્થ નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ક્રમાંક: SJED/Mis/e-file/17/2023/1896/A Section
સચિવાલય, ગાંધીનગર
તા. *e-sign* મુજબ

<u>વંચાણે લીધા</u>:

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૦૭/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક:SJED/ANS/e-file/17/2023/0255/A section

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૫/૨૦૨૫નો ઠરાવ ક્રમાંક:SJED/NWR/e-file/17/2024/2301/A section

૩. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૧/૨૦૦૯અને તા.૩૦/૦૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: એસએનઆર/૧૦૨૦૦૮/૪૮૭૪૩૧/ગ.૫

૪. સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૦/૧/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ એસએનઆર/૧૦૨૦૦૮/ ૪૮૭૪૩૧/(૧)/ ગ.પ.

<u>આમુખ</u>:

વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાના આચાર્ય (વર્ગ-૨) સંવર્ગની જગ્યાઓનું સંખ્યાબળ (Cadre Strength) ૩૩ નિયત કરવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૨) પરના ઠરાવથી હિંમતનગર અને અરવલ્લી ખાતે નવી આદર્શ નિવાસી શાળા શરૂ કરવાની નવી બાબતને મંજૂરી આપવામાં આવેલ છે. જેમાં આચાર્ય (વર્ગ-૨) સંવર્ગની કુલ ૦૨ નવી જગ્યા ઉભી થયેલ છે. જેથી આ સંવર્ગના સંખ્યાબળમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ હેઠળની આદર્શ નિવાસી શાળાના આચાર્ય (વર્ગ-૨) સંવર્ગની ૩૩ જગ્યાઓમાં ૦૨ જગ્યાનો સમાવેશ કરી આચાર્ય (વર્ગ-૨) સંવર્ગની જગ્યાનું સંખ્યાબળ (Cadre Strength) ૩૫ નિયત કરવાનું આથી ઠરાવવામાં આવે છે. આ સંવર્ગના ભરતી નિયમોમાં સીધી ભરતી : બઢતીનો રેશિયો ૧:૨ હોઇ, સીધી ભરતીના ફાળાની ૧૨ જગ્યાઓ અને બઢતીના ફાળાની ૨૩ જગ્યાઓ નિયત કરવામાં આવે છે.

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૩) અને (૪) ના ઠરાવથી પ્રવરતા નક્કી કરવા તથા પ્રવરતા યાદી પ્રસિદ્ધ કરવા અંગેની સૂચનાઓ ધ્યાને લઇ આ સંવર્ગની પ્રવરતા ગોઠવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા.૦૯/૦૯/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sd/-
(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

માન. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર

માન. રા. ક. મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૨, સચિવાલય, ગાંધીનગર

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૩ ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ

પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર (મારફત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ)

સેક્શન અધિકારી, ગ-૫ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સેક્શન અધિકારી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ સદર ઠરાવ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂં...

શાખા સિલેક્ટ ફાઇલ ૨૦૨૫

Signature valid
Signed by:Kalpna V Rana
Under Secretary
Date: 2025.09.11
11:31:20 +05:30